### ભથવાડા ટોલનાકા પર પારદર્શિતા સામે ઉઠ્યા સવાલ

## પાસ વગર વાહનો પસાર થવાની પરવાનગી!

(પ્રતિનિધિ) દાહોદ તા.31
પાસ વિના વાહનો પસાર થવાના આક્ષેપ, દાહોદ જિલ્લાના દેવગઢ બારીયા તાલુકાના ભથવાડા ટોલનાકા પર કેટલાક વાહનો નિયમિત પાસ અથવા પરમિટ વિના પસાર થતા હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આજુબાજુના ગામોના સ્થાનિક લોકોનો દાવો છે કે અનેક વાહનો પાસ વિના જ ટોલનાકા માંથી પસાર થઈ રહ્યા છે, જેના કારણે ટોલ વ્યવસ્થાની પારદર્શિતા અંગે સવાલો ઉભા થયા છે. આ મુદ્દે ટોલનાકાના મેનેજર સાથે ટેલિફોનિક વાતચીત કરવામાં આવી હતી. મેનેજરે જણાવ્યું હતું કે ટોલનાકાથી 0 થી 20 કિલોમીટર સુધીના વિસ્તારના પાત્ર વાહન ચાલકોને નિયમ મુજબ પાસ આપવામાં આવે છે. જોકે, સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ કેટલીક એવી ગાડીઓ પણ ટોલ માંથી પસાર થાય છે, જેમની પાસે કોઈ પાસ કે પરમિટ નથી. જો સ્થાનિકોના આક્ષેપો સાચા હોય તો સવાલ એ ઉભો થાય છે કે આવા વાહનોને કયા આધારે ટોલમાંથી પસાર થવા દેવામાં આવે છે અને તેની જવાબદારી કોણની છે. સમગ્ર મામલે નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને હકીકતો જાહેર કરવામાં આવે તેવી માંગ સ્થાનિકોમાંથી ઉઠી રહી છે. હાલ આ માહિતી આજુબાજુના ગામોના સ્થાનિક લોકોના જણાવ્યા આધારે આરોપો સામે આવ્યા છે. આ આક્ષેપોની સ્વતંત્ર પુષ્ટિ થઈ નથી. હવે આગામી અહેવાલમાં પાસ વિના પસાર થતા વાહનોની સંખ્યા તેમજ સમગ્ર મામલે ટોલ સત્તાધીશો અથવા સંબંધિત વિભાગ દ્વારા શું કાર્યવાહી કરવામાં આવે છે, તેના પર સૌની નજર રહેશે.




### ભારે વરસાદને પગલે બાળકોનો જીવ તાળવે ચોંટ્યો

## નસવાડી રેસ્ટ હાઉસ,કન્યા અને નહેરૂ છાત્રાલયના કંમ્પાઉન્ડમાં પાણી ભરાયા

(પ્રતિનિધિ) નસવાડી તા.31
નસવાડીના મોડી રાતથી ધોધમાર વરસાદ વરસતા નસવાડી ખાતે આવેલી આદિજાતિ વિભાગ દ્વારા ચલાવવામાં આવતા નહેરુ છાત્રાલય અને કન્યા છાત્રાલયના કેમ્પસમાં પાણી ભરાઈ ગયું હતું જેને લઈ મુખ્ય રસ્તો અને છાત્રાલય સંપર્ક તૂટીયો હતો અને બાળકો છાત્રાલયમાં ફસાયા હતા અને બાળકોના જીવ અધ્ધર થયાં હતા જયારે બાજુમાં આવેલ રેસ્ટ હાઉસના જવાના રસ્તા ઉપર પણ ઘૂંઠણ સમા પાણી ભરાયું હતું જયારે એસ.બી સોલંકી વિધા મંદિરના ગ્રાઉન્ડમાં મોટી માત્રમાં પાણી ભરાઈ ગયું હતું હાઈસ્કૂલ પાછળ એક મોટું વિશાળ ડુંગર આવેલું છે તે ડુંગરનું પાણી ગ્રાઉન્ડમાં આવતા આગળ પાણી નો કોઈ નિકાલના હોવાથી પાણી આગળના વહેતા જેને લઈ જ્ઞાનદીપ સોસાયટી અને એસ.બી સોલંકી વિધા મંદિર તેમજ છાત્રાલય અને રેસ્ટ હાઉસનું પાણી ભેગું થતા આ વિસ્તારોમાં પાણી ભરાતા નદી જેવા દ્રશ્યો સર્જાયા હતા વર્ષોથી આ વિસ્તારમાં પાણી ભરાવાની સમસ્યા છે જ્યારે અનેકવાર



શાળાના આચાર્ય છાત્રાલયના સંચાલકો દ્વારા પાણીના નિકાલ માટે પંચાયત વિભાગ અને ગ્રામ પંચાયતના સરપંચને રજૂઆતો કરવામાં આવી છે પરંતુ આજ દિન સુધી આ સમસ્યાનું નિકાળ કરવામાં આવ્યું નથી લાખો રૂપિયા અને ગ્રાન્ટો સરકાર દ્વારા ફાળવવામાં આવે છે પરંતુ તે ગ્રાન્ટો આવા કામોમાં ઉપયોગમાં લેવામાં આવતી નથી જેથી ગ્રાઉન્ડ નદીઓમાં ફેરવાઈ જાય છે અને બાળકોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડે છે નસવાડીનો આ સૌથી મહત્વનો મુખ્ય પ્રશ્નો તંત્ર દ્વારા હલ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે

### ગોરમા નો વર કેશરીઓ નદીએ નાહવા જાય રે ગોરમા

## હાલોલ નગરમાં કુંવારીકાઓ દ્વારા ગૌરીવ્રતની ઉજવણી કરવામાં આવી

(પ્રતિનિધિ) હાલોલ તા.31
કુંવારીકા ઓ નો પ્રિય પર્વ એટલે ગૌરી વ્રત, અષાઢ સુદ તેરસ ને સોમવાર ના રોજ થી આરંભ થયેલ ગૌરીવ્રત ને લઈ હાલોલ નગર સહીત પંથકમાં આવેલા શિવ મંદિરો માં ભક્તો ની ભીડ જોવા મળી રહી છે. સમગ્ર ગુજરાત રાજ્ય સહિત હાલોલ નગર ખાતે કુવારીકાઓના સૌથી પ્રિય પર્વ ગણાતા ગૌરીવ્રત ચાલી રહ્યો છે. જેમાં છેલ્લા ચાર દિવસ થી ચાલી રહેલા આ વ્રતને અનુલક્ષીને કુવારીકાઓ માં અનેરો ઉત્સાહ અને ઉમંગ જોવા મળી રહ્યો છે. જેમાં અષાઢ સુદ પાંચમે વાંસની ટોપલીઓમાં છાણીયું ખાતર નાખી તેમાં ડાંગર, ઘઉં, તુવેર,જાર, ચોખા અને તલ એમ



સાત ધાની વાવી ઉછેરવામાં આવે છે. અને આ વ્રતમાં ટોપલીઓમાં ઉગાડેલા જવારા દ્વારા અને ગોરમાનું પૂજન કરાય છે.

જેમાં વ્રત કરનાર કુવારીકાઓ ભેગી થઈ નજીકના મંદિરે જઈ પૂજારી દ્વારા કરવામાં આવતી વ્રતની પૂજામાં હીસ્સો લઈ પૂજા કરે છે. અને ગૌરીવ્રતનું વ્રત કરી પતિ સ્વરૂપે પોતાના મનને મનગમતો માણીયર મેળવવા માટેનીપૂજા અર્ચના કરી પાંચ દિવસ સુધી આ વ્રત રાખે છે.ગૌરીવ્રત, અલૂણાં વ્રત, શિવ પાર્વતી વ્રત નો આરંભ થતા આ પાવન પર્વ ને લઈ હાલોલમાં શ્રી દશા પોરવાડ જ્ઞાતિ સમાજ મહિલા મંડળ દ્વારા લાયન્સ હોલ ખાતે કુવારિકાઓની સમૂહ ભોજનનું આયોજન કરાયુ હતું.

### દાહોદ તથા અલ્ટ્રાટેક સીમેન્ટ દ્વારા આયોજન

## નવી બાંધકામની પધ્ધતિ બાબતે સેમીનાર યોજાયો



(પ્રતિનિધિ) દાહોદ તા.31
વંનબંધુ કલ્યાણ યોજના અંર્તગત સંચાલિત પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરસીપ થકી ગ્રામીણ વિકાસ ટ્રસ્ટ-વોકેશનલ ટ્રેનીંગ સેન્ટર, દાહોદ ધ્વારા બાંધકામને લગતા વિવિધ પ્રકારની તાલીમ કાર્યક્રમો ચાલુ છે જે અંતર્ગત બાંધકામ ક્ષેત્રમાં સારા બાંધકામની પધ્ધતિ બાબતે સેમીનારનું આયોજન જીવીટી-વીટીસી, ચાકલીયા રોડ, દાહોદ ખાતે તારીખ ૧૫/૦૭/૨૦૨૬ ના રોજ કરવામાં આવેલ. સેમીનારમાં અલ્ટ્રાટેક ઈન્જીનીયર, તથા વી.ટી.સીના ટ્રેનરો, દ્વારા મેસન ટ્રેડના તાલીમાર્થીઓ ને વિસ્તૃત માહીતી આપવામાં આવી.આ સૈમીનારમાં બાંધકામ ક્ષેત્રમાં ઉપયોગી નવીન ઉપકરણો સામગ્રીની ઉપયોગીતા તથા બાંધકામ ક્ષેત્રમાં ઝડપી કામ સાથે કવોલીટી મળે તે માટે અલ્ટ્રાટ્રેક ના વિવિધ મટીરીયલ જેવાકે ટાઈલ્સ કેમીકલ, બાંધકામ તથા રીપેરીંગ કેમીકલ (સેલ્ફ કવોરીંગ પ્રોડકટ) પ્લાસ્ટરનું તૈયાર મટીરીયલ (રેડી પ્લાસ્ટ) તે વિશેવિસ્તારથી ચર્ચા કરવામા આવી હતી.

### પંચમહાલમાં ઓરેન્જ એલર્ટ વચ્ચે પાવાગઢમાં ધોધમાર વરસાદ

## માચીથી મહાકાળી મંદિર સુધીનો માર્ગ તંત્ર દ્વારા બંધ કરી દેવાશે

(પ્રતિનિધિ) હાલોલ તા.31
પંચમહાલ જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યા બાદ વહેલી સવારથી જ યાત્રાધામ પાવાગઢ ખાતે ધોધમાર વરસાદ શરૂ થયો છે. સતત વરસી રહેલા વરસાદને કારણે સમગ્ર પાવાગઢ ડુંગર ધુમ્મસ અને વરસાદની ચાદરમાં લપેટાઈ ગયો હતો, જેના કારણે કુદરતી સૌંદર્યનો અદ્ભુત નજારો જોવા મળ્યો હતો. ભારે વરસાદને પગલે યાત્રાળુઓની સુરક્ષાને પ્રાથમિકતા આપતાં વધુ વરસાદ પડશે તો માચીથી મહાકાળી મંદિર સુધીના માર્ગને બંધ કરવામાં આવી શકે છે. સતત વરસાદ અને લપસણાં માર્ગને કારણે કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે જિલ્લા તંત્ર દ્વારા આ નિર્ણય લેવામાં આવ્યો છે.



અને પંચમહાલના અનેક વિસ્તારમાં મોડી રાતથી જ ધીમી ધારે વરસાદ શરૂ થતા વાતાવરણમાં ઠંડક પ્રસરી.. ઉલ્લેખનીય છે કે ગત રોજ પાવાગઢ મહાકાળી મંદિર ટ્રસ્ટ અને પંચમહાલ જિલ્લા તંત્ર દ્વારા સંયુક્ત અપીલ કરીને આગામી બે દિવસ સુધી પાવાગઢની યાત્રા ટાળવા વિનંતી કરવામાં આવી હતી. હવામાન વિભાગ દ્વારા જિલ્લામાં ઓરેન્જ એલર્ટ જાહેર કરાતા ભારે વરસાદની આગાહીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લેવામાં આવ્યો હતો. જિલ્લા તંત્રે આજે અને આવતીકાલે જરૂરી કામ સિવાય ઘરની બહાર ન નીકળવા, નદી-નાળા અને નીચાણવાળા વિસ્તારોમાં જવાનું ટાળવા તેમજ હવામાન વિભાગ અને સ્થાનિક તંત્રની સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. સતત વરસાદને કારણે પાવાગઢ વિસ્તારમાં પાણીનો પ્રવાહ વધી શકે છે જેને લઈને તંત્ર પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યું છે.

### શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલ ખાતે

## વ્યાસ પૂર્ણિમાના અવસરે ગુરુપૂર્ણિમા કાર્યક્રમ યોજાયો



(પ્રતિનિધિ) ગોધરા તા.30
શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી, વિંઝોલની વિનયન વિદ્યાશાખા અંતર્ગત અનુસ્નાતક ગુજરાતી વિભાગ દ્વારા તાજેતરમાં વ્યાસ પૂર્ણિમા (ગુરુપૂર્ણિમા) નિમિત્તે આયોજન કરવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. ડૉ. હરિભાઈ કાતરિયાના માર્ગદર્શન અને અધ્યક્ષસ્થાને આ કાર્યક્રમ યોજાયો હતો. અનુસ્નાતક ગુજરાતી વિભાગના અધ્યાક્ષ ડૉ. ભાવેશ જેઠવાના નેતૃત્વ હેઠળ યોજાયેલા આ ગુરુપૂર્ણિમા મહોત્સવમાં વિભાગના અધ્યાપકો ડૉ. વિપુલ ઠાકર, ડૉ. ઈસ્માઈલ સંગડા, ડૉ. જાગૃતિ મહેતા, ડૉ. નયન પટેલ અને ડૉ. નીતિન રાઠોડ ઉપસ્થિત રહી સહભાગી બન્યા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાતી વિષયના 45 જેટલા વિદ્યાર્થીઓ ઉત્સાહપૂર્વક જોડાયા હતા. આ કાર્યક્રમની શરૂઆત મંગલ પ્રાર્થનાથી કરવામાં આવી હતી.

### પંચમહાલમાં ગણેશ મૂર્તિઓ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું

ગોધરા: સમગ્ર પંચમહાલ જિલ્લામાં આગામી સપ્ટેમ્બર-૨૦૨૬ દરમિયાન ઉજવાનાર ગણેશ મહોત્સવ-૨૦૨૬ ને ધ્યાને લઈને કાયદો-વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવવા તેમજ પર્યાવરણ અને પાણીનું પ્રદૂષણ અટકાવવાના હેતુથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી જે.જે.પટેલ દ્વારાજાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જાહેરનામા અનુસાર, ગણેશ ઉત્સવ દરમિયાન સ્થાપના અને વિસર્જન પ્રક્રિયાને સુચારુ બનાવવા માટે નીચે મુજબના પ્રતિબંધો અને નિયમો લાગુ કરવામાં આવ્યા છે: મૂર્તિની ઉંચાઈ મર્યાદા: મુખ્ય માર્ગો પર સી.સી.ટી.વી કેમેરા અને વીજ લાઈનોના પોલને કારણે વિસર્જનના રૂટ પર થતી અડચણોને ધ્યાને રાખીને, બેઠક સહિત ગણેશજીની મૂર્તિઓની મહત્તમ ઉંચાઈ ૦૯ (નવ) ફુટ કરતાં વધુ રાખી શકાશે નહીં.

### ૧૦ થી ૧૨ લોકોના ટોળાએ કર્યો હુમલો, એક ઇજાગ્રસ્ત

## ગરબાડાના નઢેલાવમાં જમીન વિવાદમાં સશસ્ત્ર હુમલો કરાયો

(પ્રતિનિધિ) દાહોદ તા.31
ગરબાડા તાલુકાના નઢેલાવ ગામમાં ૩૫ વર્ષ જૂની જમીનની અદાવતમાં એક સશસ્ત્ર હુમલાની સનસનાટીભરી ઘટના સામે આવી છે. ખેતરમાં વાવેતર કરવા જેવી સામાન્ય બાબત ને લઈને ૧૦ થી ૧૨ લોકોના ટોળાએ તીક્ષ્ણ હથિયારો વડે એક વ્યક્તિ પર હિંસક હુમલો કર્યો હોવાનું બહાર આવ્યું છે.

મળતી માહિતી મુજબ, ગરબાડાના નઢેલાવ ગામમાં આશરે ૩૫ વર્ષ પહેલાં સામસામે આપેલી જમીનને લઈને લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો હતો. આ વિવાદિત જમીન પર ખેતરમાં વાવેતર ન કરવા દેવાની બાબતને લઈને બંને પક્ષો વચ્ચે તકરાર



ઉગ્ર બની હતી. વિવાદ એટલો વણસ્યો કે ઉશ્કેરાયેલા ૧૦થી ૧૨ લોકોના ટોળાએ ભેગા મળીને તીક્ષ્ણ અને જીવલેણ હથિયારો સાથે હુમલો કરી દીધો હતો. આ હિંસક ઘટના અંગે તાકીદે ૧૧૨ ઈમરજન્સી ટીમને જાણ કરવામાં આવતા જ પોલીસનો કાફલો તાબડતોબ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે સ્થિતિ પર કાબૂ મેળવી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ હુમલામાં એક વ્યક્તિ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સારવાર અર્થે દાહોદની ઝાયડસ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જ્યાં હાલ તેની સારવાર ચાલી રહી છે.

### દાહોદ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી:

## DDO દ્વારા નાગરિકોને સાવચેતી રાખવા અપીલ

દાહોદ:હવામાન વિભાગની અતિભારે વરસાદની આગાહીને પગલે દાહોદ જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ દ્વારા જિલ્લાના તમામ ગ્રામજનોને જરૂરી સાવચેતી અને સલામતી રાખવા માટે ખાસ અપીલ કરવામાં આવી છે.

જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ એ અપીલ કરતાં કહ્યું હતું કે, હવામાન વિભાગની માહિતી અનુસાર, આગામી ૩૧ જુલાઈ અને ૧ ઓગસ્ટ દરમિયાન દાહોદ જિલ્લામાં તીવ્ર પવન સાથે અતિભારે વરસાદની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. જેથી સાવચેતીના ભાગરૂપે નીચાણવાળા વિસ્તારોમાં રહેતા નાગરિકોને જો પાણી ભરાવાની શક્યતા જણાય તો સરપંચ અથવા તલાટીનો સંપર્ક કરી તુરંત જ સલામત સ્થળે ખસી જવા અપીલ કરવામાં આવે છે. કોઝવે કે પુલ પરથી પાણી વહી રહ્યું હોય ત્યારે તેમાંથી પસાર થવું નહિ અને સંપૂર્ણ સાવચેતી રાખવી ખૂબ જ જરૂરી હોય તો જ મુસાફરી કરવી, વગર કારણે ઘરની બહાર નીકળવાનું ટાળવું.વિદ્યાર્થીઓની સુરક્ષા અર્થે શાળાઓમાં બે દિવસ માટે રજા જાહેર કરવામાં આવી છે, જેથી વાલીઓએ બાળકોને સુરક્ષિત ઘરે રાખવા.પશુઓને નદી-નાળા કે નીચાણવાળા વિસ્તારો અને ખેતરો નજીક બાંધવા નહીં. તેમને ઊંચાણવાળા અને પાકા શેડ કે છાપરા હેઠળ બાંધવા. બિનજરૂરી અફવાઓ પર ધ્યાન ન આપવું. સહિતની જાણકારી આપવામાં આવી હતી.

### પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા દ્વારા પ્રસ્થાન કરાવાયું

## દાહોદ વન વિભાગના કર્મચારીઓ મોટર સાયકલ પર પેટ્રોલિંગ કરશે

(પ્રતિનિધિ) દાહોદ તા.31
રાજ્ય સરકાર વન સંપદાના સંરક્ષણ અને આધુનિક સુવિધાઓના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ-પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા રાજ્ય સરકાર દ્વારા વન સંરક્ષણ અને વન્યજીવસુરક્ષાની કામગીરીને વધુ અસરકારક બનાવવા માટે દાહોદ જિલ્લાના વન વિભાગના કર્મચારીઓને ફાળવવામાં આવેલ બાઈકનું આજે દાહોદ જિલ્લા પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાના હસ્તે લીલી ઝંડી દર્શાવી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે પ્રભારી મંત્રીએ જણાવ્યું હતું કે, વન વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓને ઝડપી ગતિએ કામગીરી કરી શકાય તેમજ જંગલ વિસ્તારની નિયમિત પેટ્રોલિંગ, વન્યજીવોના સંરક્ષણ, ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર નિયંત્રણ અને આપત્તિ સમયે ત્વરિત પ્રતિસાદ આપવા માટે વાહન સુવિધા મહત્વપૂર્ણ સાબિત થશે. રાજ્ય સરકાર વન સંપદાના સંરક્ષણ અને આધુનિક સુવિધાઓ ના વિકાસ માટે સતત પ્રતિબદ્ધ



છે.કાર્યક્રમ દરમિયાન વન વિભાગ ના અધિકારીઓએ નવી બાઈક મળવાથી મેદાની કામગીરીમાં વધુ ઝડપ, કાર્યક્ષમતા અને સુગમતા આવશે તેવી લાગણી વ્યક્ત કરી હતી. આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સુરભિ ગૌતમ, જિલ્લા વિકાસ અધિકારી હિરેન બારોટ, જિલ્લા પંચાયત પ્રમુખ ગમાબેન મોહનીયા, ધારાસભ્યો કનૈયાલાલ કિશોરી (દાહોદ), મહેન્દ્રભાઈ ભાભોર (ગરબાડા), મહેશભાઈ ભુરીયા તેમજ દેવગઢ બારિયા નાયબ વન સંરક્ષક મિતેશ પટેલ સહિત વન વિભાગના અધિકારીઓ, જનપ્રતિનિધિઓ તેમજ વન વિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### તાલુકા કક્ષાનો શાળાકિય રમતોત્સવ ઉજવાયો

## જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા વોલીબોલની રમતમાં અવ્વલ



(પ્રતિનિધિ) ફતેપુરા તા.31
ફતેપુરા તાલુકા કક્ષાની શાળાકીય રમતોત્સવ માં વિવિધ રમતોનું આયોજન શ્રી આઈ.કે. દેસાઈ હાઈસ્કુલ ફતેપુરા મુકામે કરવામાં આવ્યું હતું વોલીબોલ ની રમત તારીખ 30/ 7/ 2026 ના રોજ રાખવામાં આવેલી હતી તેમાં જાગૃતિ કન્યા વિદ્યાલય ફતેપુરા ની ટીમનું માર્ગદર્શન એચ.પી.અમીન દ્વારા આપવામાં આવ્યું હતું. જાગૃતિ કન્યા વિદ્યાલયની બાલિકાઓ તાલુકા કક્ષાએ પ્રથમ નંબરે સ્થાન મેળવીને સમગ્ર તાલુકામાં ડંકો વગાડી દીધો હતો તેમજ શાળાનું તથા તાલુકા નું ગૌરવ વધાર્યું હતું.તે બદલ વોલીબોલની ટીમને ખૂબ ખૂબ અભિનંદન.. જાગૃતિ કન્યા વિદ્યાલય બાલિકા ઓ મા ખુશી અને આત્મસન્માનની લાગણીઓ પેદા કરી હતી.

### સરકારી યોજનાઓ અને નાણાકીય સહાયની સમજ અપાઇ

## દાહોદ ખાતે TEJAS પહેલ પર જિલ્લા વર્કશોપનું સફળ આયોજન

(પ્રતિનિધિ) દાહોદ તા.31
ભારત સરકારના ઉદ્યોગ અને આંતરિક વેપાર પ્રમોશન વિભાગ (DPIIT) ના નેજા હેઠળ, નગરાલા, દાહોદ ખાતે TEJAS (રાજ્યો અને જિલ્લાઓમાં ઉદ્યોગસાહસિક યાત્રાઓનું પરિવર્તન) પર જિલ્લા વર્કશોપનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશોપનો ઉદ્દેશ્ય યુવાનોમાં નવીનતા, ઉદ્યોગસાહસિકતા અને સ્ટાર્ટઅપ જાગૃતિને પ્રોત્સાહન આપવાનો હતો, સાથે સાથે તેમને સરકારી સહાય પદ્ધતિઓ અને તકો સાથે જોડવાનો હતો. આ કાર્યક્રમમાં સરકારી એન્જિનિયરિંગ કોલેજ, દાહોદના 200 થી વધુ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો,



મહત્વાકાંક્ષી ઉદ્યોગસાહસિકો, નવીનતાઓ, ઉદ્યોગ નિષ્ણાતો, સ્ટાર્ટઅપ ઉત્સાહીઓ- સરકારી અધિકારીઓની ઉત્સાહપૂર્ણ ભાગીદારી જોવા મળી હતી. આ વર્કશોપ સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમમાં ઉપલબ્ધ વિશાળ તકો શીખવા, નેટવર્કિંગ અને અન્વેષણ કરવા માટે એક ઉત્તમ પ્લેટફોર્મ પૂરું પાડ્યું હતું

ઉદ્ઘાટન ભાષણ અને જિલ્લા વહીવટીતંત્રની ભૂમિકા જી. સી. ચાવડાએ, ડેપ્યુટી કલેક્ટર-૧, કલેક્ટર કચેરી, દાહોદ, એ વર્કશોપનું ઉદ્ઘાટન કર્યું અને નવીનતા સંચાલિત વિકાસના મહત્વ અને જીવંત ઉદ્યોગસાહસિક ઈકોસિસ્ટમ બનાવવામાં જિલ્લા વહીવટની ભૂમિકા પર ભાર મૂક્યો. દાહોદના લીડ બેંક મેનેજર જે. એસ. પરમારે વિવિધ સરકારી યોજનાઓ, સ્ટાર્ટઅપ ફાઈનાન્સિંગ વિકલ્પો, ક્રેડિટ સુવિધાઓ અને ઉભરતા ઉદ્યોગસાહસિકો માટે ઉપલબ્ધ નાણાકીય સહાય સમજાવી.